सत्यमेव जयते

દાખલ તા:– 01/07/2023
ફેસલ તા:– 01/10/2024
સમયગાળો:– વર્ષ માસ
દિવસ

## ૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ સીટી, કોર્ટ નં.૫.

**ક્રિ.કેસ નંબર– 60020/2023**
**આંક–૧૮.**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| **વિ રૂ દ્ધ** | |
| **આરોપી** | **૧. જયેશ મોહનભાઈ ડોડિયા, ઉ.વ.પુખ્ત (અમદાવાદ)** |
| | **૨. હિતેન સ/ઓ જયેશભાઈ મોહનભાઈ ડોડિયા, ઉ.વ.પુખ્ત (અમદાવાદ)** |
| | **૩. કોમલ ડો/ઓ જયેશ મોહનભાઈ ડોડિયા, ઉ.વ.પુખ્ત (અમદાવાદ)** |

શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી પંચાલ
આરોપીઓ તરફે વિ.વ. શ્રી વી.એ. અધારા.

**ગુન્હો:– ઈ.પી.કો. કલમ– 323, 325, 294(KH), 114** મુજબ

## // ચુ કા દો //

૧. આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૨૧/૦૩/૨૦૨૩ ના કલાક ૧૨:૩૦ વાગે ઘીકાંટા કોર્ટ પાંચમાં માળે કોર્ટ નં.૪ ની બહાર લોબીમાં જાહેરમાં આ કામના ત્રણેય આરોપીઓએ ભેગા મળી બોલાચાલી કરી

ઉશ્કેરાઈ જઈ બિભત્સ ગાળો બોલી ફરીયાદીશ્રીને ગડદાપાટુનો માર મારી આરોપી નં.૨ નાઓએ નાકના ભાગે મુઢ માર મારી ફ્રેકચર કરી ઈજા પહોંચાડી એકબીજાની મદદગારી કરી ગુનો કર્યો તે બાબતેની ફરીયાદીએ ફરીયાદ **ઈ.પી.કો. કલમ– 323, 325, 294(KH), 114** મુજબ લગત પો.સ્ટે.ફરીયાદ ફ.ગુ.ર નં: 11191027230112/2023 થી આપતા, ફરીયાદીની ફરીયાદના આધારે પોલીસ તપાસના અંતે આરોપી તે મુજબના ગુના અંગેનું ચાર્જશીટ કરેલ.

૨. આરોપીઓને સમન્સની બજવણી થતાં આરોપી અદાલત રૂબરૂ હાજર થતાં તેઓને વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ અપવામાં આવી તેની ખાત્રી કરી, આરોપીઓ સામે પ્લી સ્ટેટમેન્ટ લઈ તેમાં જણાવેલ ગુનાની વિગત વાંચી સંભળાવી સમજાવવામા આવતા, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ .

૩. સદર કામે ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે અને ફરિયાદપક્ષે પુરાવો પુરો થયાનું જાહેર થયેલ છે.

૪. સદર કામે બંને પક્ષના વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

૫. સબબ, કેસના આખરી નિર્ણય માટે મારા મતે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયા.

મુદ્દા નંબર:–૧

| ક્રમ | મુદ્દો | તારણ |
|---|---|---|
| ૧ | શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ ગઈ તા.૨૧/૦૩/૨૦૨૩ ના કલાક ૧૨:૩૦ વાગે ઘીકાંટા કોર્ટ પાંચમાં માળે કોર્ટ નં.૪ ની બહાર લોબીમાં જાહેરમાં આ કામના ત્રણેય આરોપીઓએ ભેગા મળી બોલાચાલી કરી ઉશ્કેરાઈ જઈ બિભત્સ ગાળો બોલી | નકારમાં |

| | | |
|---|---|---|
| | ફરીયાદીશ્રીને ગડદાપાટુનો માર મારી આરોપી નં.૨ નાઓએ નાકના ભાગે મુઢ માર મારી ફ્રેકચર કરી ઈજા પહોંચાડી એકબીજાની મદદગારી કરી ગુનો કર્યો તે બાબતેની ફરીયાદીએ ફરીયાદ **ઈ.પી.કો. કલમ– 323, 325, 294(KH), 114** મુજબ લગત પો.સ્ટે.ફરીયાદ ફ.ગુ.ર નં: 11191027230112/2023 મુજબનો સજાનેપાત્ર ગુનો કરેલ છે ? | |
| ૨ | શુ હુકમ? | આખરી હુકમ મુજબ |

૭. ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુ રાવો**

| આંક | વિગત |
|---|---|
| **05** | ફરીયાદી હર્ષ નિતિનભાઈ ચાવડા ની સોગંદ પરની જુબાની. |
| **06** | ફરીયાદ. |
| **10** | પંચ દિવાયન્સુ પ્રતાપભાઈ સિંગલ ની સોગંદ પરની જુબાની. |
| **11** | પંચનામુ. |
| **12** | પંચ જય રાજેશભાઈ વિરાક્ષ ની સોગંદ પરની જુબાની. |
| **13** | જીતેન્દ્ર મનુભાઈ જીણીયા ની સોગંદ પરની જુબાની. |
| **14** | ફરીયાદીને રીકોલ કરવા અરજી. |
| **15** | સમાધાન પરવાનગીની અરજી. |
| **16** | સમાધાન પુરસીસ. |
| **17** | કલોઝીંગ પુરસીસ. |

## કા ર ણો

### મુ દ્દ ા નં બ ર:-૧

૮. સૌ પ્રથમ તો આ કામે ક્રીમીનલ કેસ છે. તે સબબ Criminal Jurisprudence મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામે કેસ સાબીત કરવાનો છે. આરોપી ને ચુપ રહેવાનો અધિકાર છે. તથા ફરીયાદ પક્ષમાટે પુરાવા થી કેસ સાબીત કરવાનુ ધોરણ તે Beyond Reasonable Doubt છે. અને તે રીતે ફરીયાદ પક્ષે ની:શંક પુરાવાથી સમગ્ર કેસ જેમકે આરોપી ની સ્થળે હાજરી, ઈજા નો સાધન, ઈજા નો પ્રકાર, હેતુ, ગુના વાળી જગા, હથીયાર, કારણ વિગરે હકીકતો પુંરવાર કરવાની રહે છે. જો ફરીયાદ પક્ષ તેમ કરવામાં નીષ્ફળ જાય અને શંકા પણ પ્રેરાય તો Benefit of Doubt એ આરોપી નાં પક્ષે રહે છે. અહી સિવિલ કાયદા ની જેમ શકયતાની પ્રચુરતા પ્રમાણે પુરાવો આપવાનો હોતો નથી.

ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણોની ચર્ચા કરતી વખતે, આ કામે નોંધવામાં આવેલ સાહેદોની જુબાની તે રેકર્ડનો ભાગ હોઈ, સાહેદોની જુબાનીનો સારાંશ પ્રથમ નોંધીને પછી તેની ચર્ચા કરવાને બદલે, બિનજરૂરી પુનરાવર્તન ન થાય તે હેતુથી, મુદ્દા અનુસાર સંબંધિત જગ્યાએ સાહેદોની જુબાની ચર્ચાવામાં આવેલ છે. સૌપ્રથમ આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુના સંબંધે રજુ પુરાવો મુલવતા પહેલાં, ફરિયાદપક્ષે આક્ષેપિત ગુનો બનવા માટે કયા કયા તત્વો સાબિત કરવાના રહે છે તે જોવું મહત્વનું બની રહે છે.

૮.૧ ભારતીય ફોજદારી ધારાની કલમ **૩૨૩, ૨૯૪(ખ)** મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે. **૧.** આરોપીએ શારિરીક પીડા, રોગ અથવા અશકિત નીપજાવેલ છે. **૨.** આવુ કૃત્ય

આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા કરવાનું સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલ ે કે સ્વેચ્છાપૂર્વક કર્યુ હતુ.

૮.૨ તેવી જ રીતે **ઈ.પી.કો.કલમ–૧૧૪** નો ગુનો બનવા માટે ઉપરોકત ગુનાઓમાં આરોપીઓની એકબીજાની સંડોવણી કે ગુના કરવામાં એકબીજાની મદદગારી કરેલ હોય.

**ફરીયાદ પક્ષે ટુંકમાં પુંરાવો:**

૯.૧ **આંક–૦૫** થી ફરીયાદી હર્ષ નિતિનભાઈ ચાવડા ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવની તારીખ તેઓને યાદ નથી. બનાવ ત્રણ–ચાર મહીના અગાઉ બનેલો બનાવ આશરે બાર સાડાબારની વચ્ચે ઘી કાં ટા મેટ્રો કોર્ટ નં.૪ ની લોબીમાં બનેલો. તેઓની પત્ની કોમલે ખાધા ખોરાકીનો કેસ કરેલો તેથી કોર્ટમાં તારીખ ભરવા આવેલો. તેઓ પૈસા ભરીને નીકળેલા તેઓ તેમના વકીલ જોડે ચર્ચા કરતા હતા. તે વખતે તેઓની પત્ની તેના ઘર વાળા ૧૫ થી ૨૦ ફુટ દુર ઉભા હતા. તેની જોડે તેના પીતા જયેશભાઈ ભાઈ હીતેનભાઈ પણ સાથે આવેલ હતા. તેમની પત્ની કોમલ તેઓને દુરથી ગાળાગાળી કરવા લાગેલ. તેથી તેઓએ તેમના વકીલને જણાવેલ કે કોમલ ગાળો બોલે છે. પછી કોમલના પપ્પા અને તેના ભાઈ તેઓને મારવા માટે ત્યા આવી ગયેલા. કોમલે તેઓને પકડી રાખેલ તેના પિતા અને ભાઈ એ તેમને ફેટો મારવા લાગેલ તેના ભાઈ હીતેન તેઓને નાક પર ફેટ મારેલ અને તેના પિતાએ તેઓને માથાના ભાગે ફેટ મારેલ. નાકે તેઓને ફ્રેકચર થઈ જતા બે દિવસ સુધી લોહી નીકળતુ હતુ. તે વખતે પોલીસે તેઓને છુટા પાડેલા અને અંદર બેસાડેલ અને તેઓએ ૧૦૮ બોલાવેલ અને સીવીલ હોસ્પી.માં સાંજ સુધી તેઓએ સારવાર લીધેલી. કારંજ પોલીસ હોસ્પી.માં આવેલી ત્યા તેઓએ તેમની ફરીયાદ આપેલી. ફરીયાદ તેમને બતાવવામા આવે છે તેમા તેઓની સહી છે તે તેઓ ઓળખે છે.

તે રજુ **દા.આં.–૦૬** આપવામાં આવે છે. આરોપીઓને ઓળખુ છું.તેમા આરોપી હીતેન હાજર નથી. તેઓએ બી.કોમ સુધી અભ્યાસ કરેલ છે. તેઓ પ્રાઈવેટ કપનીમાં નોકરી કરે છે. તેમના લગ્ન તા.૦૧/૦૧/૨૦૧૯ ના રોજ કોર્ટ મેરેજ કરેલા. એ વાત ખરી છે કે તેઓના પત્નીએ તેમના પર ભરણપોષણનો કેસ કરેલ છે. તે કેસ મેટ્રો કોર્ટ નં.૪ માં ચાલે છે. તે કોર્ટ પાંચમા માળે આવેલ છે. એ વાત ખરી છે કે તે કોર્ટની બહાર મોટી લોબી આવેલ છે. એ વાત ખરી છે કે એ જગ્યા એ આશરે ૫૦ માણસો ઉભા રહી શકે છે. એ વાત ખરી છે કે કોર્ટ નં.૪ ની સામે તે કોર્ટની ઓફીસ આવેલ છે. એ વાત ખરી છે કે જીતેન્દ્ર મનુભાઈ જીણીયા તેમના વકીલ સાહેબ છે. એ વાત ખરી છે કે હેમાંગ દીનેશભાઈ પરમાર તે તેમના વ.શ્રી જીતેન્દ્ર મનુભાઈના અસીલ છે. એ વાત ખરી છે કે તેઓએ તેમની પોલીસ ફરીયાદમાં લખાવેલ છે કે તેમની કોર્ટમાં મુદૃત છે. એ વાત ખરી છે કે તેઓએ પોલીસ ફરીયાદમાં લખાવેલ કે તેઓ કોર્ટ નં.૪ માં પૈસા ભરીને નીકળેલ ત્યારે આ બનાવ બનેલ. એ વાત ખરી છે કે તેઓએ તેમની પોલીસ ફરીયાદમાં એવુ લખાવેલ છે કે કોમલે દુરથી ગાળાગાળી કરેલ તેવુ તેઓએ તેમના વ.શ્રીને જણાવેલ. એ વાત ખરી નથી કે તેઓએ તેમની પોલીસ ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે કોમલના પપ્પા એને ભાઈએ તેઓને માર મારેલ અને કોમલે તેમને પકડી રાખેલ. એ વાત ખરી નથી કે તેઓએ તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ નથી કે માથાના ભાગે મારેલ. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યાએ બનાવના સ્થળે બધા બહુ ભેગા થઈ ગયેલા. આશરે ૧૦–૧૫ લોકો ભેગા થયેલા. એ વાત ખરી છે કે બનાવવાળી જગ્યાએ કોર્ટ ડયુટી, સ્ટાફના એપીપીશ્રીના માણસો આવી ગયેલા. એ વાત ખરી છે કે ત્યા સીસીટીવી કેમેરા લાગેલા છે. એ વાત ખરી છે કે બનાવ વખતે ધકકા–મુકકી થયેલ. એ વાત ખરી નથી કે ધકકા–મુકકી થતા તેઓ પડી ગયેલ અને તેમને ઈજાઓ થયેલ. એ વાત ખરી છે કે તેઓને નાકના ભાગે ઈજા થતા

તેમને લોહી નીકળેલ. તેઓને ઓફીસ અંદર બ્લીડીગ ચાલુ થઈ ગયેલ હતુ. એ વાત ખરી નથી કે તેઓએ તેમની ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે તેઓને માથાના ભાગે અને નાકના ભાગે ઈજા થયેલ. એ વાત ખરી નથી કે મુદૃતના દિવસ ે તેઓએ કોમલને બીભત્સ ગાળો આપેલ. એ વાત ખરી નથી કે તેઓએ જયેશભાઈ ને ઉશ્કેરાઈને લાફો મારેલ. એ વાત ખરી નથી કે લોબીમાં ભેગા થયેલા માણસો એ તેઓના માર માથી જયેશભાઈ, હિતેનભાઈ ને છોડાવેલ. એ વાત ખરી નથી કે તેઓએ જયેશભાઈ અને હીતેનભાઈને ધમકી આપેલ કે કેસ પાછી ખેંચી લેજો. એ વાત ખરી નથી કે તેઓ ધમકી આપીને પછી તેઓ નીકળી ગયેલ. તેઓને એ વાતની ખબર નથી કે જયેશભાઈ એ ૧૦૦ નંબર પર ફોન કરેલ અને તેઓને પોલીસ લઈ ગયેલ. એ વાત ખરી છે કે જયેશભાઈએ તેમના વિરુધ્ધ ફરીયાદ નોધાવેલ છે. એ વાતની તેમને ખબર નથી કે જયેશભાઈ એ એલ.જી.હોસ્પી.માં સારવાર લીધેલ. એ વાત ખરી છે કે તેઓ કઈ કઈ ગાળો બોલેલ તે તેઓએ તેમની પોલીસ ફરીયાદમાં લખાવેલ નથી. એ વાત ખરી નથી કે કોમલે તેઓને ગાળો આપેલ નથી. તેઓને જયેશભાઈએ માથાના ભાગે મારેલ. એ વાત ખરી નથી કે હીતેનભાઈ એ તેઓને કોઈ માર મારેલ નથી. તેઓએ તેમને નાકના ભાગે મારેલ અને તેઓને ફ્રેકચર થયેલ. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે તેમને આ તમામ આરોપીઓને માર મારી બીભત્સ ગાળો આપેલ અને બચવા માટે તેઓએ આ ખોટી ફરીયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે તેમની પત્નીને ભરણપોષણ આપવુ ન પડે તે માટે તેઓએ આ ખોટો કેસ કરેલ છે.

આરોપી તરફે લેવામાં **ઉલટ તપાસ**માં તેઓએ કબૂલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે, તેઓને આ કેસમાં સમાધાન થઈ ગયેલ છે. એ વાત ખરી છે કે, બનાવમાં ધક્કા–મુક્કી થતા પડી જતા તેઓને નામ પર ઈજા થયેલ. તેઓને કેસ આગળ

ચલાવવો નથી. અને તેઓને લેખિત કે મૌખિક કોઈ પુરાવા આપવો નથી. એ વાત ખરી છે કે આરોપી ગાળ બોલેલ હોય, ગડદાપાટુનો માર માર્યો હોય તેવો કોઈ બનાવ બનેલ નથી. જેથી **આંક–૧૪** કલોઝીંગ પુરસીસ અને **આંક–૧૫** થી સમાધાન પુરસીસ આપેલ છે.

**આંક–૧૦** થી પંચ દિવાયન્સુ પ્રતાપભાઈ સિંગલ ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે લાલ દરવાજા ખાતે તેઓને ૨૦૨૩ માં બોલાવેલો. તેમનો મિત્ર હર્ષ ચાવડા બાબતે પોલીસે તેમને પુછેલુ. તેમને પંચનામુ બતાવવામાં આવે છે તેમા પંચ–૧ તરીકે તેમની સહી છે તે પં ચનામાને રજુ **દા.આં.–૧૧** આપવામાં આવે છે. એમા શું લખેલ તે તેઓએ વાંચેલ નહી. પોલીસ સાથે તેઓ કશે ગયેલ નહી. તેમની રુબરુમાં પોલીસે કોઈ પંચનામુ કરેલ નહી.

ત્યારબાદ સદર પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકિકત જણાવેલ નથી.

**આંક–૧૨** થી પંચ જય રાજેશભાઈ વિરાક્ષ ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે લાલ દરવાજા ખાતે તેમને ૨૦૨૩ માં બોલાવેલો. તેમનો મિત્ર હર્ષ ચાવડા બાબતે પોલીસે તેમને પુછેલુ. તેમને પંચનામુ બતાવવામાં આવે છે તેમા પંચ–૨ તરીકે તેમની સહી છે તે પં ચનામાને રજુ **દા.આં.–૧૧** બતાવવામાં આવે છે. આ સહી થયા બાદ તેઓ સીવીલ હોસ્પી.માં ગયેલા. એમા શું લખેલ તે તેઓને વાંચેલ નહી. પોલીસ સાથે તેઓ કશે ગયેલ નહી. તેમની રુબરુમાં પોલીસે કોઈ પંચનામુ કરેલ નહી.

ત્યારબાદ સદર પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકિકત જણાવેલ નથી.

**આંક–૧૩** થી જીતેન્દ્ર મનુભાઈ જીણીયા ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૧/૦૩/૨૦૨૩ ના રોજ ઘીકાંટા કોર્ટ પાંચમા માળે ચાર નંબરની કોર્ટ આ કામના ફરીયાદી અને આ કામના તો.દારની ડોમેસ્ટીક વાયોલનસ એકટની ફરીયાદ ચાલતી હોઈ બનાવના દિવસે તેઓ ચાર નંબર કોર્ટમાં મુદ્દત પડતા હર્ષ અને તેઓ સાડા બારે બહાર લોબી પર મેટર વીશે વાતચીત કરતા હતા ત્યારે આ કામના કોમલબેન બીભત્સ ગાળો બોલતા હોઈ આ કામના ફરી.એ ગાળો બોલવાની ના પાડતા કોમલબેન ના ભાઈ હીતેનભાઈ એ હર્ષને નાક પર એક મુકકો મારેલ જેથી ફરી.ને નાકના ભાગે ઈજા થયેલ અને આ કામના તો.દાર જયેશભાઈ કોમલબેનના પપ્પા છે તેઓ હર્ષને ગડદાપાટુનો માર મારેલ અન કોમલબેન બીભત્સ ગાળો આપેલ અને તેઓએ છોડાવેલ. આ કામના ફરી. હોસ્પી. ગયેલ અને અઠવાડિયા પછી પોલીસે તેમનુ નીવેદન લીધેલ. ફરી. તેમના અસીલ થાય છે.જયેશભાઈ અને હીતેનભાઈ હાજર છે કોમલબેન હાજર નથી તેઓની એકઝા. અરજી છે.

આરોપી તરફે લેવામાં આવેલ **ઉલટ તપાસ**માં તેઓએ કબૂલ રાખેલ છે કે, એ વાત ખરી છે કે તેઓ ૧૮ વર્ષથી વકીલાતનો વ્યવસાય કરે છે. એ વાત ખરી છે કે હર્ષ અને હેમાંગ તેમના અસીલ થાય છે. એ વાત ખરી છે કે કોઈપણ અસીલનુ સારુ અને હીત વીચારુ. એ વાત ખરી છે કે હર્ષ તેઓના અસીલ થતા હોઈ તેમના તેમની સાથે સારા સંબંધો છે. એ વાત ખરી છે કે હર્ષ પર તેમની પત્નીએ ડોમેસ્ટીકની ફરીયાદ કરેલ છે તેમા તેઓ હર્ષનો વકીલ છે. એ વાત ખરી છે કે, બનાવ વખતે તેઓ તેમના

અસીલ સાથે વાતચીત કરતો હતો અને તેમનુ ધ્યાન તેમના તરફ હતુ. એ વાત ખરી છે કે પાંચમા માળે ચાર નંબર કોર્ટની સાથે અલગ અલગ કોર્ટો આવેલી છે. એ વાત ખરી છે કે આ કોર્ટોની બહાર લોબી અને દિવાલો આવેલ છે. એ વાત ખરી છે કે બનાવ વાળી જગ્યાએ ૫૦ થી ૧૦૦ માણસ ઉભા રહી શકે તેટલી જગ્યા છે. એ વાત ખરી છે કે બનાવ નો સમય સવારનો હતો તેથી ત્યા ઘણા પક્ષકારો અને પોલીસના માણસો ઉભેલા હતા. એ વાત ખરી છે કે બનાવ બનેલ ત્યારે ઘણા માણસો ભેગા થઈ ગયેલ. એ વાત ખરી છે કે સીસીટીવી કેમેરા લાગેલા છે. એ વાત ખરી નથી કે બનાવ વખતે ધકકામુકકી થતા હર્ષ નીચે પડી જતા તેને ઈજા થયેલ. એ વાત ખરી છે કે હર્ષના વકીલ હોવાથી ખોટી જુબાનીઆપુ છું. કોમલબેને હર્ષને ગંદી ગાળો બોલેલ નથી હીતેને હર્ષને નાકના ભાગે ફેટ મારેલ નથી જયેશે હર્ષને ગડદાપાટુનો માર મારેલ નથી. આવો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ નથી.

**પુરાવાનું મુલ્યાંકન....**

આ કામે ફરિયાદી જેઓ ભોગ બનનાર છે જે સબબ તેમની જુબાની ધ્યાને લીધી. જે ધ્યાને લેતા આ કામે આક્ષેપિત કલમ ૩૨૩, ૩૨૫, ૨૯૪(ખ), ૧૧૪ ના તત્વો ધ્યાને લઈએ તો, ફરિયાદી સાહેદોની ઉલટ તપાસ થયેલ છે જેમા તેઓએ કબુલ રાખેલ છે કે, તેઓને આરોપીઓ સાથે ફકત સામાન્ય બોલાચાલી થયેલી બીજુ કશુ થયેલ નથી જેમા ધ્કકામુકકીમાં તેઓને સામાન્ય ઈજા થયેલી તે સિવાય બીજુ કાઈ થયેલ નથી. જે તમામ બાબતો ધ્યાને લેતા આ કામે ઉપરોકત ફરિયાદમાં જણાવેલ આક્ષેપિત કલમોના તત્વો નિશંક પુરાવાથી આરોપીઓ સામે પુરવાર થતા નથી. વળી પક્ષકારો વચ્ચે મધ્યસ્થી થયેલ છે અને આં ક–૧૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે. જે તમામ બાબતો ધ્યાને લેતા આક્ષેપિત કલમોના તત્વો આરોપીઓ સામે નિ:શંક પુરાવાથી પુરાવાર થતા નથી.

૧૦. આમ, આ કામે ફરીયાદપક્ષનાં મુખ્ય ઈજા પામનાર ભોગબનનાર જ આ કામે સદંતર વિમુખ જાહેર થયેલ છે. તથા ફરીયાદ પક્ષને બિલકુલ મદદરુપ કર્તા નીવડેલ નથી. અન્ય સાહેદો નીવેદન જોતાં અથવા તો વિમુખ છે અથવા તો હીયર સે વિટનેશ છે. જેમનાં એક માત્ર પુરાવાથી નિ:શંક પુરાવાથી કેસ પુરવાર થઈ શકે તેમ નથી. આ કામે ફરીયાદી ભોગબનનાર સાહેદો ની સરતપાસ અને ઉલટ તપાસ માં મહત્વનો વિરોધાભાસ ઉભરાઈ આવેલ છે. ભોગબનનાર ની સરતપાસ ની હકીકત પણ ઉલટ તપાસ માં ટકેલ નથી.

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ દીલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદા માં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો એ ફરીયાદ પક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકી નાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

આથી જયારે ભારત દેશમાં કોર્ટો માં ઘણાં કોન્ટેસ્ટેડ કેસો પેન્ડીંગ છે ત્યારે જયારે હાલ નાં કેસ માં મુખ્ય મહત્વનાં સાહેદે ફરીયાદ પક્ષ નાં કેસ ને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકી નાં સાહેદો ને તપાસ વાથી પણ ક્રીમીનલ જયુરીશ્પ્રુડંશ મુજબ કેસ ની:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

વધુમાં, નામ. સુપ્રિમ કોર્ટે પ્રસિધ્ધ કરેલ 1998 CRI. L. J. 2481 State of Karnataka v. G. Narayanamurthy AIR 2008 (SC) pG 1969 & 2012 ACC (76) pG 279 Shiji @ Pappu Vs Radhika સહીતનાં સંખ્યા બંધ

ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, સામાન્ય રીતે કોર્ટોએ જયારે પક્ષકારો વચ્ચે વ્યકિતગત તકરાર હોય તથા મુખ્ય ફરીયાદી ભોગબનનાર વિમુખ થયેલ હોય અને ફરીયાદ પક્ષ ને બીલકુલ સપોર્ટ કરેલ ન હોય તો તે અંગે કોર્ટ તેનો કીંમતી સમય અન્ય સાહેદો ને તપાસવામાં વ્યર્થ કરવો જોઈએ નહી. કોર્ટ માં કેસો નુ ભારણ છે. તથા તે અંગે જો ફરીયાદી મુખ્ય ભોગબનનાર જ જાતે વિમુખ હોય અને ફરીયાદ પક્ષ ને સપોર્ટ કરેલ ન હોય તો આ સંજોગો માં આરોપી સામે નો કેસ ક્રીમીનલ જયુરીશ્પૃડંશ મુજબ ની:શંક પુરાવાથી પુરવાર થઈ શકે નહી. કોર્ટોએ જે કેસમાં ફરિયાદ પક્ષને ફાયદારૂપ ચુકાદો આપવાનો ન હોય તેવા કેસોને લાંબા સમય સુધી પડતર રાખવાનું પરવળી શકે તેમ નથી અત્રેના કેસમાં પણ આ ફરીયાદી તથા મુખ્ય ભોગબનનાર વિમુખ છે. તેથી આરોપી સામે નો કેસ અન્ય સાહેદો તપાસવાથી પણ ની:શંક પણે પુરવાર થઈ શકે તેમ નથી. તથા ફરીયાદી એ કલોઝીંગ પુરસીસ આપી ને પણ કોઈ અન્ય સાહેદો ને નહી તપાસવાની હકીકત દર્શાવેલ છે. નારાયણ મુર્તી નાં કેસ માં જણાવેલ છે કે....
In the present case, both the trial Court and High Court were totally handicapped by the fact that the mother of the girl had virtually turned hostile. She had even gone to the extent of saying that the injury sustained by the girl was as a result of a fall and she has totally and completely exonerated the accused to the extent of saying that she does not even know him. With this type of record, which gets compounded by the fact that the doctor had also not supported the prosecution case, the Court was therefore left with absolutely no material on the basis of which a conviction could be sustained. Having regard to the seriousness of these cases and the graveness and the complexion of the offences, the High Court examined the facts thoroughly on merits, and with a degree of

deepest regret, recorded that it would be impossible to disturb the acquittal order passed by the trial Court. (Para 4)

આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા આ કામના કારણો ની ચર્ચા માં આક્ષેપીત ગુના ની કલમનાં ઉકત તત્વો જોતાં તમામ તત્વો એકી સાથે આરોપી સામે ની:શંક પણે Beyond Reasonable Doubt પુરવાર ફરીયાદ પક્ષ કરી શકેલ નથી. જેથી શંકા કુંશંકા પ્રેરાય છે. અને શંકાનો લાભ આરોપી પક્ષ ને રહે છે. આમ, ફરિયાદપક્ષ, આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમા ઠરાવી મુદ્દા નંબર–ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાંઆવે છે.

## <u>હુકમ</u>

૧ આ કામે આરોપીઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કો. કલમ– 323, 325, 294(KH), 114** મુજબના સજાને પાત્ર ગુનામાંથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ આ કામે રજુ કરેલ જામીન ક્રિ.પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ–૪૩૭–એ, મુજબ છ મહિના ના સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

**અમદાવાદ**

**તાઃ– 01/10/2024**

(પી.પી. પટેલ)
GJ00942
**૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,**
**અમદાવાદ સીટી, કોર્ટ નં.પ.**